**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

सत्यमेव जयते

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

અખબારી યાદી

# ન્યાયમાં વિલંબ એ ન્યાયનો ઈનકાર છે
# સાંસદ શ્રી નથવાણીનો વડા પ્રધાનને પત્ર

**૫ એપ્રિલ ૨૦૧૦ :** કોર્ટના ચુકાદાઓમાં થતા વિલંબથી ન્યાયાલયમાં જવાનો ઉદ્દેશ્ય જ મરી જાય છે અને ન્યાય આપવામાં થતો વિલંબ ન્યાય કરવાના ઈનકાર બરોબર થઈ જાય છે. રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહને એક વિસ્તૃત પત્ર લખીને દેશમાં ન્યાય તંત્રની કામગીરી અને પરિસ્થિતિ અંગે આવા શબ્દોમાં ચિંતા વ્યક્ત કરી છે.

કાર્મિક, સાર્વજનિક ફરિયાદ, કાનૂન અને ન્યાય વિષયક સંસદીય સમિતિના સભ્ય શ્રી નથવાણીએ દેશની સર્વોચ્ચ સત્તા સમક્ષ ન્યાય તંત્ર અંગેની ચોંકાવનારી વિગતો રજૂ કરી છે. તેમણે લખ્યું છે કે ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ની સ્થિતિએ દેશની સર્વોચ્ચ અદાલત સમક્ષ ૫૫,૭૯૧ કેસો પેન્ડિંગ હતા જ્યારે ૨૧ હાઈકોર્ટોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ૪૧,૪૨,૦૨૩ હતી. નીચલી અદાલતોમાં પેન્ડિંગ સિવિલ તથા ક્રીમિનલ કેસોનો આંકડો તો અધધધ ૨,૭૨,૦૦,૦૦૦ (બે કરોડ બોંતેર લાખ) હોવાનું તેમણે પત્રમાં જણાવ્યું છે.

ન્યાયાધીશોની તંગી બાબતે શ્રી નથવાણીએ વડા પ્રધાનશ્રી ઉપરના પત્રમાં વધુમાં લખ્યું છે કે નીચલી અદાલતોમાં મંજૂર ૧૬,૭૪૬ ન્યાયાધીશોનાં પદો સામે માત્ર ૧૩,૯૪૬ ન્યાયાધીશો જ કાર્યરત હતા અને ૨૮૦૦ જેટલાં પદો ખાલી હતાં. તેમણે ભારતીય અદાલતોમાં ન્યાયાધીશો ઉપર કેસોના ભારણ અંગે વધુમાં લખ્યું કે એક ન્યાયાધીશ ઉપર સરેરાશ ૧૯૫૦.૩૮ કેસોનો ભાર આપણે ત્યાં હોય છે જ્યારે બધી રીતે જોઈએ તો ખરેખર વ્યાજબી અને આદર્શ સરેરાશ ન્યાયાધીશ દીઠ ૨૦૦ થી ૫૦૦ જેટલા કેસોની સરેરાશ હોવી જોઈએ. ન્યાયાધીશો ઉપરનું આ ભારણ ઓછું કરવા ખાલી પદોને જેમ બને તેમ જલ્દી ભરવા તથા નવી જગ્યાઓ ઊભી કરવા માટે પણ તેમણે વડા પ્રધાનને લખ્યું.

ફાસ્ટ ટ્રેક કોર્ટોની કામગીરીનાં ઉત્સાહજનક પરિણામોને ધ્યાનમાં લઈ શ્રી નથવાણીએ વડા પ્રધાનશ્રીને વધુને વધુ કેસો ફાસ્ટ ટ્રેક કોર્ટમાં તબદીલ કરવાની હિમાયત કરતાં કહ્યું કે આવી વધુને વધુ કોર્ટો સ્થાપિત કરવી જોઈએ. આ ફાસ્ટ ટ્રેક કોર્ટોમાં પણ ખાલી પદોને તત્કાળ ભરવા ઉપર તેમણે ભાર મૂક્યો.

ગ્રામ ન્યાયાલય કાનૂન, ૨૦૦૮નો ઉલ્લેખ કરીને તેમણે ૫૦૬૭ ગ્રામ ન્યાયાલયો ઊભાં કરવાના લક્ષ્યાંક સામે માત્ર ૯૫ ગ્રામ ન્યાયાલયો જ સ્થપાયાં હોવા અંગે નિરાશા વ્યક્ત કરી અને કહ્યું કે ગ્રામ ન્યાયાલયો તો કેન્દ્રની નાણાંકીય સહાયતા યોજના હેઠળ આવરી લેવાયાં હોવાથી રાજ્યોને ઝડપભેર આવાં ન્યાયાલયો ઊભાં કરવા કહેવું જોઈએ.

ક્રીમિનલ કોર્ટો ઉપરના ભારણને ઓછું કરવા માટે શ્રી નથવાણીએ નજીવા મામૂલી કેસોને ક્રીમિનલ કેસોની વ્યાખ્યામાંથી બાકાત કરી ક્રીમિનલ અદાલતોના ક્ષેત્રાધિકારમાંથી તેમને બાદ કરવા જોઈએ તેમ જણાવતાં આવા કેસોને જે તે સત્તાવાળાઓએ તે ઊભા કર્યા હોય તેમને જ સોંપવાની હિમાયત કરી હતી.

હાઈકોર્ટોમાં ન્યાયાધીશોની નિમણૂંકોની ધીમી અને લાંબી પ્રક્રિયા તથા બંધારણેતર એજન્સીઓ દ્વારા કરાતા આક્ષેપો અને કેસોની અસરમાં ન્યાયાધીશોની બદલીઓ વિષે પણ શ્રી નથવાણીએ વડા પ્રધાનશ્રીનું ધ્યાન દોર્યું હતું.

ન્યાયતંત્રને સ્પર્શતા મુદ્દાઓ વિષે પોતાની સત્તાની રૂએ યોગ્ય કરવાની વડા પ્રધાનશ્રીને વિનંતી કરતાં શ્રી નથવાણીએ પત્રમાં એમ પણ જણાવ્યું કે આ તમામ મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરતી વિગતો તેમણે અલગથી કાનૂન અને ન્યાય મંત્રીશ્રીને મોકલી છે.

★ ★ ★